જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૨/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૧,૧૬,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ** **સમાચાર યાદી નં.૧૦૫/૨૦૨૩**

**એરપોર્ટઃ** રત્નાબહેન વા/ઓ ગ્યાનદાસ તીલોકાની (ઉ.વ.૫૦)(રહે.શુકન રિવરવ્યુહ, દર્શન ફ્લેટ પાસે, અવસર પાર્ટી પ્લોટ પાછળ, સરદારનગર) એ તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૨૨ માહે-એપ્રિલમાં અજાણી વ્યક્તિએ રત્નાબહેન તીલોકાનીને ફોન કરી બેંક લોન એજન્ટ તરીકે ઓળખ આપી પોતાનુ નામ કુલદીપભાઈ જણાવી રત્નાબહેનને લોન લેવા માટે પ્રેરીત કરતા રત્નાબહેનને લોનની જરૂર હોઈ લોન લેવા માટે હા પાડતા લોનની પ્રોસેસ પેટે રત્નાબહેન પાસેથી જરૂરી દસ્તાવેજ મેળવી લઈ "હિરો ફિન કોર્પ લિમિટેડ કંપની" કલગી ચાર રસ્તા કેપ્સટન બિલ્ડીંગ પરિમલ ગાર્ડન એલીસબ્રીજ ખાતેથી રૂપિયા ૪,૮૧,૫૧૦/- બેંક લોન મંજુર કરાવી હતી. ત્યારબાદ રત્નાબહેનના ઘરે જઈ રત્નાબહેનના મોબાઇલ ફોનમાંથી નેટ બેંકીંગ એપના માધ્યમથી તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ રત્નાબહેનના ખાતામાંથી રૂપિયા ૪,૩૧,૫૧૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. બેંકમાં તપાસ કરતા જાણવા મળેલ કે આરોપી અર્પીતકુમાર મનુભાઇ પટેલ (રહે.શુભમ ગેલેકસી, ડી-માર્ટ સામે, નરોડા) નાઓના ખાતામાં પૈસા ટ્રાન્સફર થયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રીઆર.આર.દેસાઇ ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૬/૨૦૨૩**

**વેજલપુરઃ** ભરતભાઇ કાનજીભાઇ મુલાણી (રહે.ઉમાસુત સોસાયટી, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીવરાજ મેટ્રો સ્ટેશન નીચે આવેલ સ્વામિનારાયણ મંદિરના પાછળનો દરવાજો ખોલી, ત્રણ અજાણ્યા પુરૂષ મંદિરમાં પ્રવેશ કરી ચાંદીનુ છત્ર અને દાનપેટીમાંથી રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૨૦૨૩**

**સેટેલાઇટઃ** સિધ્ધાર્થ રમેશભાઇ આચાર્ય (ઉ.વ.૪૦)(રહે.રૂગ્વેદ રેસીડન્સી શ્રીનાથ બસ ડેપો પાસે પંચાલ વાડી સામે નવા વાડજ) એ તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી તા.૧૬/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પી.એન.ટી જોધપુર ચાર રસ્તા પાસે ઓફીસર કોલોની ખાતે ગેરેજ પાસે ખુલ્લી જગ્યામાંથી ૨૩૩ મીટર યુ.જી.કોપર કેબલ કિમત રૂપિયા ૫,૮૯,૧૯૬/- તથા ૨૧૨ મીટર ૮૦૦ પેર ઝેલી ફીલ્ડ કિમત રૂપિયા ૩,૫૭,૩૯૬/-, તથા ૧૦૨ મીટર ૧૦૦૦ પેર પેપર કોર વાયર કિમત રૂપિયા ૨,૨૧,૦૮૫/- મળી કુલ રૂપિયા ૧૧,૬૭,૬૭૭/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ ઇશ્વરભાઇ ચલાવે છે.

**ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૨૦૨૩**

**કાગડાપીઠઃ** તા.૧૩/૦૧/૨૦૨૩ સાંજના ૫/૧૫ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન રાયપુર દરવાજા બહાર મહિપતરામ રૂપરામ આશ્રમના પારણામાંથી તાજુ જન્મેલ જીવીત બાળક (બાબો) ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી